# <u>કોમ્પ્યુટર સેન્ટરમા “REGISTRATION UNDER GST” વિષય પર ગેસ્ટ લેકચરનું આયોજન</u>




તા – ૨૩-૧૨-૨૦૨૧ ને ગુરૂવારના રોજ કોમ્પ્યુટર સેન્ટરમાં **“REGISTRATION UNDER GST”** વિષય પર ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગેસ્ટ લેકચરર તરીકે એડવોકેટ અલ્પેશભાઈ ઉપાધ્યાયને બોલાવવામાં આવ્યા એમના દ્વારા ખૂબ જ સરળ ભાષામાં GST રજીસ્ટ્રેશન કોણે લેવું પડે, કોના માટે ફરજિયાત છે ઉપરાંત રજીસ્ટ્રેશન આધારિત GST બેઝીક બધા જ ટોપીક વિદ્યાર્થીઓને ઉદાહરણ આપી સમજાવવામાં આવ્યા. પ્રિ. ડો ગિરીશકુમાર રાણા એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં કોલેજમાં ચાલતા બીજા નવા કોર્ષની માહિતી આપતાં જણાવ્યું કે પ્રેક્ટિકલ નોલેજ હોવું એ હવેના સમયમાં ખૂબ જ જરૂરી છે. તેમજ અલ્પેશભાઈ ઉપાધ્યાય માટે જણાવ્યું કે તેઓ આજ કોલેજના ભુતકાળના વિદ્યાર્થી છે જેઓ હંમેશા વિદ્યાર્થીઓ માટે કરવામાં આવતી આવી કોઇપણ પ્રવૃત્તિઓમાં વિનામૂલ્યે પોતાનું યોગદાન આપે છે જે વતી કોલેજ પરિવાર એમનો ખૂબ જ આભારી છે. કોમ્પ્યુટર ફેકલ્ટી હેલીબેન પાઠકે અલ્પેશભાઈ ઉપાધ્યાય નો આભાર માન્યો હતો. તેમજ આ સેમીનારમાં ૬૦ જેટલાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જે બદલ હાજર રહી લેકચર ને સફળ બનાવવા બદલ વિદ્યાર્થીઓનો પણ આભાર માન્યો હતો.

## કોમ્પ્યુટર સેન્ટરમા “REGISTRATION UNDER GST” વિષય પર ગેસ્ટ લેકચરનું આયોજન












COMMERCE COLLEGE